# હું પોતાની જાતને ઓછી આંકતી હતી

## મૃણાલ ઠાકુર

**‘લવ સોનિયા’, ‘સીતા રામમ’, ‘ફેમિલી સ્ટાર’ અને ‘દો દીવાને શહેર મેં’ જેવી ફિલ્મોમાં પોતાના એક્ટિંગથી છાપ છોડનાર મૃણાલ ઠાકુર હાલમાં તેની નવી ફિલ્મ ‘પૂજા મેરી જાન’ લઈને આવી રહી છે. નવજોત ગુલાટી દ્વારા ડિરેક્ટર આ ફિલ્મ OTT પર રિલીઝ થઈ છે. અહીં આપણી સાથેની વાતચીતમાં મૃણાલ આ ફિલ્મમાં પોતાના કેરેક્ટર વિશે, AIથી બનાવેલા નકલી વીડિયો સામે અવાજ ઉઠાવવા વિશે અને નારીવાદ વિશે વાત કરે છે.**

શો-શા

**પૂજા મેરી જાન ફિલ્મમાં તારા કેરેક્ટરને નિભાવવામાં શું પડકારજનક લાગતું હતું?**

તે કેરેક્ટર જ ઘણું પડકારજનક હતું અને મારે તેને ન્યાય આપવો હતો, કારણ કે આપણી આસપાસ ઘણી પૂજાઓ છે, જે આવા સંજોગોમાંથી પસાર થાય છે. મારે આ ફિલ્મ દ્વારા એ બધાને કહેવું છે કે તમારે પોતાને છોડી દેવાની જરૂર નથી. આપણે ઘણીવાર બંધબેસતા થવા માટે પોતાને બદલીએ છીએ, પરંતુ ક્યારેક આપણા સારા સ્વભાવનું ખોટું અર્થઘટન કરવામાં આવે છે અને લોકો વિચારવાનું શરૂ કરી દે છે કે કદાચ છોકરી તમારામાં રસ ધરાવે છે. દયાળુ અને મદદગાર છોકરીઓ ઓછી હોય છે, પરંતુ તેનો મતલબ એવો નથી કે તેમને હળવાશથી લો. આ એક જટિલ અને સંવેદનશીલ મુદ્દો છે અને હું ખુશ છું કે મને પૂજાનું કેરેક્ટર ભજવવાની તક મળી. એક એક્ટ્રેસ તરીકે મને આંતરિક સ્તર ધરાવતાં, સૂક્ષ્મ અને સંવેદનશીલ કેરેક્ટરો ભજવવાની લાલચ થઈ જાય છે.

**આ પ્રોજેક્ટ કરતી વખતે એક એક્ટ્રેસ તરીકે અને એક વ્યક્તિ તરીકે તેં પોતાનામાં શેની શોધ કરી?**

મને ખ્યાલ આવ્યો કે ક્યારેક હું પણ અપરાધભાવમાં આવી જાઉં છું કે શું મેં કંઈ ખોટું કર્યું છે? હું હંમેશાં પોતાની જાતને ઓછી આંકતી અને બીજાની લાગણીઓને વધારે મહત્ત્વ આપતી. આમ કરવામાં હું ક્યારેક નાખુશ પણ થતી. મને પછીથી સમજાયું કે જ્યારે તમે યોગ્ય ફ્રેન્ડો અને વ્યક્તિઓ સાથે હોવ છો, ત્યારે તમારે બદલાવાની જરૂર હોતી નથી. તમારી આસપાસના લોકો પણ ખાતરી રાખશે કે તમારે બદલાવાની જરૂર ન પડે. મને ખુશી છે કે મેં આ કેરેક્ટર ભજવ્યું. તેનાથી મને ઘણા મુદ્દાઓ અને સમસ્યાઓ સમજાઈ અને વાતચીતથી પણ તેનો ઉકેલ આવી શકે છે એ સમજાયું. ભલે તમે ‘હા’ ન કહી રહ્યાં હોવ, પરંતુ તમે ‘ના’ કેવી રીતે કહો છો તે પણ મહત્ત્વનું છે. જો કોઈ વ્યક્તિ તમે જે કહેવા માગતા હોવ તેના બદલે કંઈક બીજું જ અર્થઘટન કરે છે, તો તે વ્યક્તિની જ ભૂલ છે. તેમાં તમે કંઈ જ કરી શકતા નથી.

**શું તને એવું લાગે છે કે સ્ત્રીઓને તેમના અંગત નિર્ણયો લેવા બદલ ખોટી રીતે જજ કરવામાં આવે છે?**

હા, ચોક્કસ. એક જાહેર વ્યક્તિ હોવાને કારણે હું આ બાબતોથી દૂર રહેવા માગું છું, કારણ કે મારે ખુશ રહેવું છે, મારું કામ કરવું છે અને મારા કામથી મને ખ્યાતિ મળે છે, મારું નામ થાય છે અને મને પ્રેમ મળે છે. આપણી દુનિયામાં ઘણું બધું અઘટિત બની રહ્યું છે, જેમ કે પૂર, ભૂસ્ખલન, ક્લાઇમેટ ચેન્જ વગેરે. જીવન અણધાર્યું છે. ક્યારે શું થશે તે કહી શકાતું નથી. તો બધા સાથે પ્રેમભર્યું વર્તન કરવું જોઈએ.

**શું તેં ક્યારેય એકતરફી પ્રેમનો એક્સપિરિયન્સ કર્યો છે?**

મારા માટે મારી ઊંઘ મારો મોટો પ્રેમ છે. હું ઘણું વિચારું છું, એટલે મને બરાબર ઊંઘ આવતી નથી. આ તો મજાક થઈ. સદનસીબે, હું એકતરફી પ્રેમમાંથી પસાર થઈ નથી. પણ હા, મારા ઘણા ફ્રેન્ડસ છે, જેમને આ એક્સપિરિયન્સ થયો છે. મારી કેટલીક ફીમેલ ફ્રેન્ડને તો કેટલાક મેલ ફ્રેન્ડને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આપણે હંમેશાં એક જ દૃષ્ટિકોણથી જોઈએ છીએ, પણ અન્ય ઘણા દૃષ્ટિકોણ પણ હોય છે. બધાને એમ લાગે છે કે હું નારીવાદી છું, તેથી જ હું આ પ્રકારની ભૂમિકાઓ પસંદ કરું છું, પણ એવું નથી. હું સમાનતામાં માનું છું. જો કંઈ ખોટું થઈ રહ્યું હોય, પછી ભલે તે સ્ત્રી સાથે હોય કે પુરુષ સાથે, તે ખોટું જ કહેવાય.

**શું તું કોઈને ડેટ કરી રહી છે?**

અરે, તમે આટલા ભણેલા લોકો થઈને પણ અફવાઓ પર કેવી રીતે વિશ્વાસ કરી શકો? કોઈને પણ આકસ્મિક રીતે મળી હોઉં તો તેની સાથે મારું નામ જોડી દેવું કેટલું યોગ્ય છે?

**AIનો ઉપયોગ કરીને ફેક વીડિયો કે ફોટા વાઇરલ કરનારાઓને તારે શું કહેવું છે?**

AIનો ઉપયોગ કરીને મારા જેવા નકલી વીડિયો કે ફોટા વાઇરલ કરવા કે શેર કરવા ગેરકાયદેસર અને અસ્વીકાર્ય છે. આ તાત્કાલિક બંધ થવું જોઈએ. મારી ઓળખનો વધુ દુરૂપયોગ થશે તો હું તેમની સામે કાનૂની કાર્યવાહી ચોક્કસ કરીશ.

**એક ફિલ્મની સફળતા થિયેટરના આંકડા પર કેટલી આધારિત છે?**

મને લાગે છે કે થિયેટર હોય કે OTT, માધ્યમ મહત્ત્વનું નથી. લોકો સુધી પહોંચવા માટે ફિલ્મની સ્ટોરી, વિષય, કેરેક્ટરો અને દિગ્દર્શકનો દૃષ્ટિકોણ વધારે મહત્ત્વના છે. કેટલીક એવી ફિલ્મો છે, જે થિયેટરમાં સફળ રહેતી નથી અને OTT પર સફળ થઈ જાય છે. મારી કેટલીક ફિલ્મો લોકોએ થિયેટરમાં જોઈ ન હતી, પણ OTT પર તેમને એટલી ગમી કે તેમને થિયેટરમાં ન જોવાનો અફસોસ થયો. આખરે આ તો દર્શકોની પોતાની પસંદગી છે.

**તું ફીડબેકને કેટલું સકારાત્મક રીતે લે છે?**

હું એવી એક્ટ્રેસ છું, જે હંમેશાં ફીડબેક લેતી રહે છે, પરંતુ એવા લોકો પાસેથી નકારાત્મક પ્રતિભાવ લેવા માગતી નથી, જેમને હું ઓળખતી પણ નથી. •



**આપણે હંમેશાં એક જ દૃષ્ટિકોણથી જોઈએ છીએ, પણ અન્ય ઘણા દૃષ્ટિકોણ પણ હોય છે. બધાને એમ લાગે છે કે હું નારીવાદી છું, તેથી જ હું આ પ્રકારની ભૂમિકાઓ પસંદ કરું છું, પણ એવું નથી!**

# Janki Bodiwala

## OTTની બોલ્ડ કેરેક્ટરની ઓફર આવે તો?

RAPID FIRE

**આગળ જઈને કેવો રોલ કરવો ગમશે?**
ફૂલ-ઓન લેડી ડોન.
**OTTની બોલ્ડ કેરેક્ટરની ઓફર આવે તો?**
સ્ક્રિપ્ટ દમદાર હોય તો.
**ક્રશ સામે આવીને ઊભો રહે તો?**
બ્લશ કરે!
**શૂટિંગમાંથી ભાગી જવાનું મન થયું ક્યારેય?**
રાત્રે 3 વાગ્યે પેક-અપમાં.
**ગુજરાતી ઓડિયન્સ પાસેથી શું શીખવા મળ્યું?**
જલસા કરો બાપુ!
**યોગા ગમે કે હેવી વેઇટ લિફ્ટિંગ?**
પાવર યોગા અને સ્ટ્રેચિંગ.
**લાઇફમાં સૌથી વધુ સસ્પેન્સ ક્યાં?**
નેક્સ્ટ પ્રોજેક્ટમાં!
**ફિલ્મમાં રોમાન્સ કે એક્શન?**
આ વખતે કંઈક એક્શન!
**હીરો સાથે કેમિસ્ટ્રી ન જામે તો?**
ડિરેક્ટરને કહું, કંઈક નવું કરીએ!
**હિરોઇન તરીકે સૌથી મોટું ટેન્શન શું?**
મેઇનટેઇન પરફેક્ટ, સેક્સી એન્ડ સલીમ બોડી કર્વ્સ!
**સૌથી મોટી ફિલ્મી ફેન્ટસી?**
હોલિવૂડ ફિલ્મમાં કામ કરવું!
**લવ મેરેજ કે અરેન્જડ મેરેજ?**
ઓલરેડી મેરીડ વિથ માય વર્ક નાવ!
**લાઇફની ફિલ્મનું ક્લાઇમેક્સ કેવું હોય?**
સક્સેસફૂલ એન્ડિંગ, પણ હેપ્પી મોમેન્ટ સાથે! •



# દીપ વૈદ્ય: ઘરમાં ક્યારેય ઝઘડો ન કરું, કારણ કે મારી પત્ની વકીલ છે!

ગુજરાતી મનોરંજનની દુનિયામાં કેટલાક કલાકારો એવા હોય છે, જેમને જોઈને હસવું આવે અને કેટલાક એવા હોય છે, જેમને સાંભળ્યા પછી હસતાં હસતાં પેટમાં દુખાવો ઉપડે! દીપ વૈદ્ય બીજી કેટેગરીનો કલાકાર છે. દીપની કોમેડીમાં એવો દેશી તડકો છે કે વાત ભલે સામાન્ય હોય, પણ રજૂઆત એવી કે હાસ્યનો ગેસ ચાલુ થઈ જાય!

લાઈમ લાઈટ

જરા વિચારો, જે માણસ કંપનીઓમાં કર્મચારીઓની અંદરોઅંદરની માથાકૂટ ઉકેલવા અને રજાઓ મંજૂર કરવા ભણ્યો હોય, તે અચાનક સ્ટેજ પર આવીને પબ્લિકની જ ફિરકી લેવા લાગે તો શું થાય?

દીપ વૈદ્યના કિસ્સામાં બિલકુલ એવું જ થયું. કોર્પોરેટ લાઈફના ટાઈ-શૂઝ અને બોરિંગ પ્રેઝન્ટેશન છોડીને તેમણે થિયેટર અને સ્ટેન્ડ-અપ કોમેડીનો રસ્તો પકડ્યો. તેની પાસે થિયેટરનો જૂનો અનુભવ હતો, એટલે સ્ટેજ પર તેમની એનર્જી અને એક્સપ્રેશન્સ જોઈને સામે બેઠેલા દર્શકો ખુશ-ખુશ થઈ જાય છે!

યુટ્યુબ પર જેમણે ‘લવારી’ સીરીઝ જોઈ હશે, તેઓ જાણે છે કે દીપ ગપ્પાબાજીને પણ કઈ રીતે આર્ટમાં ફેરવી શકે છે!

માત્ર સ્ટેજ પર જોક્સ મારવા પૂરતા દીપ સીમિત નથી રહ્યો. તે ‘ચોર બની થનગાટ કરે’, ‘વેન્ટિલેટર’ અને ‘ફક્ત મહિલાઓ માટે’ જેવી હિટ ગુજરાતી ફિલ્મોમાં પણ એક્ટિંગ કરી છે. સ્ક્રીન પર એમની એન્ટ્રી થતાં જ થિયેટરમાં સીટીઓ વાગવા લાગે છે.

પણ ખરી મજા તો એમની પર્સનલ લાઈફમાં છે! દીપે એડવોકેટ નિધિ ભટ્ટ સાથે લગ્ન કર્યા છે. સોશિયલ મીડિયા પર દીપ પોતે જ પોતાની ફિરકી લેતા અવારનવાર કહે છે:



**સ્ટેજ પર પંચલાઇન મારવી સહેલી છે, પણ ઘરમાં પત્ની સામે દલીલ કરવી? ભાઈ, એમાં તો આખી તૈયારી જોઈએ!**

ઘરમાં ક્યારેય ઝઘડો ન કરવો, કારણ કે પત્ની વકીલ છે! પંગો લેવો હોય તો તમારું હાઈકોર્ટનો જજ હોવું જરૂરી છે!

આવા મજેદાર પંચો જ બતાવે છે કે દીપ માત્ર સ્ટેજ પર જ નહીં, પણ પોતાના ઘરમાં પણ રમૂજનો કોઈ મોકો છોડતા નથી.

આજના ટેન્શનભર્યા સમયમાં લોકોને ઉપદેશ કરતાં હાસ્યનો ડોઝ વધારે ગમે છે. જીવનમાં સમસ્યાઓની કમી નથી, પણ જો કોઈ કલાકાર થોડા સમય માટે એ સમસ્યાઓને સાઈડમાં મૂકાવીને હસાવી શકે, તો એ પણ નાનીસૂની વાત નથી! •